# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## -- :: પરિપત્ર ::--

**વિષય:– નાણાંકીય વ્યવહારોમાં અને વ્યવસ્થાપનમાં થતી હિસાબી ગુંચવણોની પ્રશ્નાવલી મોકલી આપવા બાબત...**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તેમજ નાણાંકીય કામગીરી સાથે સંકળાયેલા કલેરીકલ કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતેથી ૨૦૨૦-૨૧ ના વર્ષનો વાર્ષિક હિસાબો તૈયાર કરવાની કામગીરી, નામદાર સરકારશ્રીની સુચના અનુસાર તમામ આવકો ડીજીટલ માધ્યમથી સ્વીકારવાનું થતું હોય એના અમલીકરણનાં ભાગરૂપે પ્રથમ તબક્કે ભીમ QR Code ની કામગીરી તેમજ રેગ્યુલર પેન્શનરોને ઓળખ કાર્ડ ઉપલબ્ધ કરાવવા માટે ની કામગીરી પૂર્ણ કરેલ છે. તો **૨૦૨૦–૨૧ના વર્ષના વાર્ષિક હિસાબ, ભીમ QR Code અને પેન્શનરોના ઓળખ કાર્ડ** વિતરણ કરવા તેમજ અન્ય જરૂરી માર્ગદર્શન આપવા અર્થે નજીકના દિવસોમાં એક **મીટીંગ/સેમિનારનું** આયોજન થનાર છે, જેમાં આ સાથે આપશ્રીની કચેરીને નાણાંકીય વ્યવહારોમાં અને વ્યવસ્થાપનમાં થતી હિસાબી **ગુંચવણોનું યોગ્ય માર્ગદર્શન આપવા માટે નિષ્ણાતોને બોલાવવાનું પણ આયોજન કરેલ છે** તો અપની **ગુંચવણોની પ્રશ્નાવલી** **૨૧/૧૨/૨૦૨૧** સુધીમાં **comptroller@nau.in** ઉપર **ફક્ત ઈમેઈલ** દ્વારા અત્રેની કચેરીને મોકલી આપવું જેથી આપની **ગુંચવણોનું યોગ્ય માર્ગદર્શન** મળી રહે.

**જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૯૬૮૭/૨૦૨૧ નવસારી,**
**તા. ૧૬/૧૨/૨૦૨૧**

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ /સબ યુનિટ તરફ જાણ થવા સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના નાણાંકીય કામગીરી સાથે સંકળાયેલા કલેરીકલ કર્મચારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**